ધોરણ-૧૨ના સામાન્ય પ્રવાહમાં

હિન્દી-અંગ્રેજી વિષયની પરીક્ષા NCERT સિલેબસ પ્રમાણે લેવાશે

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી વર્ષ ૨૦૨૦માં લેવાનારી સામાન્ય પ્રવાહ ઉ.ઉ.બુ. પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહમાં અંગ્રેજી અને હિન્દી પ્રથમ ભાષા વિષયની પરીક્ષા NCERT પ્રમાણે લેવાનું નક્કી કરાયું છે. જોકે, રિપીટર અને ખાનગી વિદ્યાર્થીઓને ગુજરાત બોર્ડ પ્રમાણે જ પરીક્ષા આપવાની રહેશે. ગુજરાત બોર્ડ દ્વારા છેલ્લા કેટલાય સમયથી તમામ વિષયોની દ્રઝઈઈ પ્રમાણે જ પરીક્ષા લેવામાં આવે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગુજરાતના વિદ્યાર્થીઓ રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષામાં સારો દેખાવ કરી શકે તેવા ઉદ્દેશ્યથી ધીમે ધીમે તમામ વિષયોને NCERT પ્રમાણે સુધારાઓ કરવામાં આવી રહ્યા છે. ભૂતકાળમાં ધો.૧૦માં પણ કેટલાક વિષયોની પરીક્ષા NCERTના કોર્સ પ્રમાણે લેવામાં આવી હતી.

આજ રીતે ધો.૧૨ સાયન્સમાં પણ કેટલાક વિષયોની પરીક્ષા દ્રઝઈઈ સિલેબસ પ્રમાણે લેવામાં આવી રહી છે. હવે પછી સામાન્ય પ્રવાહમાં પણ NCERT સિલેબસ દાખલ કરવાનું નક્કી કરાયું છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં રાજ્યની તમામ શાળાઓના પ્રિન્સિપાલને એક પરિપત્ર મોકલીને એવી તાકીદ કરવામાં આવી છે કે, રેગ્યુલર (નિયમિત), ખાનગી રેગ્યુલર (નિયમિત) અને પૃથ્થક ઉમેદવારો માટે ૦૦૨ હિન્દી પ્રથમભાષા અને ૦૦૬ અંગ્રેજી પ્રથમ ભાષામાં NCERTના નવા અભ્યાસક્રમ મુજબના પાઠ્યપુસ્તકો અમલી છે તે પ્રમાણે પરીક્ષા લેવામાં આવશે.

જયારે રિપીટર અને ખાનગી રિપીટર ઉમેદવારો માટે માર્ચ ૨૦૧૯માં ગુજરાતી માધ્યમ અને ઉ.મા. શિક્ષણ બોર્ડનો જે અભ્યાસક્રમ હતો તે પ્રમાણે જ પરીક્ષા લેવામાં આવશે. એટલે કે રિપીટર અને ખાનગી વિદ્યાર્થીઓને ગુજરાત બોર્ડના જૂના કોર્સ પ્રમાણે પરીક્ષા આપવાની રહેશે. જયારે બાકીના તમામ વિદ્યાર્થીઓએ નવા NCERTના કોર્સ પ્રમાણે પરીક્ષા આપવાની રહેશે. આ પ્રકારના ફેરફારના કારણે વિદ્યાર્થીઓમાં કેવા પ્રકારની અસર પડે છે તેને ધ્યાનમાં રાખીને આગામી વર્ષોમાં ધીમે ધીમે અન્ય વિષયોની પરીક્ષા પણ NCERT પ્રમાણે લેવામાં આવશે.

ભક્તિવંદના મહોત્સવમાં સરસ્વતી વિદ્યાલય સાજેદાર

જય અંબે પરિવાર દ્વારા ત્રિશતાબ્દી ભક્તિવંદના મહોત્સવ અંતર્ગત શિવશક્તિ મહાયાગના ભવ્ય આયોજનમાં સેક્ટર-૬ ખાતે કાર્યરત સરસ્વતી વિદ્યાલય ઉત્સાહભેર જોડાઈ હતી.

આઈઆઈટી ખાતે 'કનેક્શન્સ-૨૦૧૯'

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર આઈઆઈટીના ઈન્ડસ્ટ્રી કોન્ક્લેવની બીજી આવૃત્તિ 'કનેક્શન્સ ૨૦૧૯'નું શનિવારે આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઑટો, કેમિકલ, કન્સ્ટ્રક્શન, આઈટી અને ડેટા સાયન્સ, મટીરિયલ્સ, ફાર્મા, ઍન્જિનીયરિંગ અને આવાં ઘણાં ક્ષેત્રોના ૫૦થી વધુ ઉદ્યોગોએ ભાગ લીધો હતો. આ કોન્ક્લેવમાં ભાગ લેનારી અગ્રણી કંપનીઝમાં ઝાયડસ, ટાટા મોટર્સ, ટાટા કેમિકલ્સ, હિલ્ટી, હનીવેલ, આદિત્ય બિરલા, ફોર્બ્સ માર્શલ, ઓપ્ટિમાઈઝ્ડ સોલ્યુશન્સ, આઈટીસી વગેરેનો સમાવેશ થાય છે. ઉદ્યોગના અગ્રણીઓ, આઈઆઈટી, ગાંધીનગરના ફૅકલ્ટીઝ અને વિદ્યાર્થીઓ વચ્ચે લાંબા ગાળાના સહયોગ અને ભાગીદારીની સ્થાપના માટે ઉન્નત સંદેશાવ્યવહારને સક્ષમ અને પ્રોત્સાહિત કરવા માટે આયોજિત કરવામાં આવેલી આ ઈવેન્ટમાં ઉદ્યોગના નેતાઓને આઈઆઈટી ગાંધીનગરના રિસર્ચ પાર્કમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉદ્યોગો માટે સહયોગની તકોની ઝાંખી પૂરી પાડવા માટે ઘણાં ઈન્ટરેક્ટિવ સત્રો અને પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. દિવસ દરમિયાન કેટલીક કંપનીઝ અને સ્ટાર્ટ-અપ્સે આઈઆઈટી ગાંધીનગર ઉદ્યોગોને શું ઓફર કરે છે તેના પર તેમના અનુભવો શેર કર્યા હતા. આઈઆઈટીના ફેકલ્ટી, ઉદ્યોગના પ્રતિનિધિઓ અને ભાગીદારો વચ્ચે ખુલ્લી ચર્ચા અને પરસ્પર સંપર્ક સત્રમાં વિવિધ ઉદ્યોગોના આર એન્ડ ડી કેન્દ્રીત ક્ષેત્રો તેમજ ઉદ્યોગની સંસ્થા પાસેથી અપેક્ષાઓ વિષયે વિવિધ દૃષ્ટિકોણથી ચર્ચાઓ થઈ હતી.

સોમનાથમાં કાર્તિકી પૂનમનો મેળો ૧૧થી ૧૫ નવેમ્બર દરમિયાન

ગાંધીનગર, તા. ૧૦

'મહા' વાવાઝોડાના સંકટના કારણે રદ કરાયેલો સોમનાથનો કાર્તિકી પૂનમનો મેળો વાવાઝોડાનું સંકટ ટળતા ફરીથી યોજાવાની જાહેરાત કરાઈ છે. સોમનાથ ટ્રસ્ટના નેજા હેઠળ યોજાતો આ મેળો આ વર્ષ ૮ નવેમ્બરથી યોજાવાનો હતો. અગાઉ રાજ્યના દરિયાકાંઠે તોળાઈ રહેલા વાવાઝોડાના સંકટના કારણે સોમનાથ ટ્રસ્ટે મેળો રદ કર્યો હતો. સોમનાથ ટ્રસ્ટે જાહેરાત કરતા જણાવ્યું હતું કે આ મેળો આગામી ૧૧-૧૫મી નવેમ્બર યોજાયશે. આ મેળા પાછળ એવી માન્યતા છે કે, કૈલાસ મહામેરૂપ્રસાદના નામે ઓળખાતા આ ભવ્ય દેવાલયનાં શિખરની ઉપર કાર્તિક પૂર્ણિમાની રાત્રીએ ચન્દ્ર વિશેષ રીતે પ્રકાશે છે. આ ખગોળશાસ્ત્રીય વિશેષતા છે કે, પૂનમની રાત્રીએ બાર વાગ્યે શિવની જ્યારે મહાપૂજા થાય છે ત્યારે ચન્દ્રમા એવી વિશેષ રીતે મંદિરના શિખરની ઉપર ગોઠવાઈ જાય છે કે જાણે ભગવાન શિવે ચંન્દ્રમાને મસ્તક ઉપર ધારણ કર્યો હોય.

ડાયરેક્ટ ❤ સે

તમે ત્યાં સુધી જ
ઓળખાશો
જ્યાં સુધી
કોઈને કામ આવશો
કારણ કે જમાનો
દીવો સળગાવીને
દીવાસળીને ફેંકી દે છે

જન્મદિને વધામણી

હરેશભાઈ ભટ્ટ
સ્થાપક સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
કલ્ચરલ કમિટી કન્વીનર
સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ
ઉપપ્રમુખ
શિવરંજની
ટ્રસ્ટી
પેન્શનર્સ સમાજ, ગાંધીનગર
મો. ૯૮૨૫૩ ૮૭૦૭૮



યુવરાજસિંહ પરમાર
મો. ૯૯૨૪૧ ૨૮૪૦૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

અમેરિકાના એચ૧બી વીઝા માટે હવે ૩.૭૦૦ વધુ ચૂકવવા પડશે

ગાંધીનગર, તા. ૧૦

અમેરિકામાં કામ કરવા માટે જરૂરી વીઝા એચ૧બી માટે હવે ૭૦૦ રૂપિયા (દસ ડૉલર્સ) વધુ ચૂકવવા પડશે. હાલ આ વીઝા માટે ૩૨ હજાર રૂપિયા વસૂલ કરાય છે.

અમેરિકામાં નાગરિકત્વ મેળવવા અને કામકાજ કરીને કમાવવા માટેની આ ફીમાં કરાયેલો વધારો ઈલેક્ટ્રોનિક રજિસ્ટ્રેશનના કામમાં ઉપયોગી થઈ પડશે એવી જાહેરાત અમેરિકી પ્રવક્તાએ કરી હતી. યુએસસીઆઈએસના કાર્યકારી ડાયરેક્ટર કેન ક્યુસિનેલીએ કહ્યું કે આ પ્રયાસો દ્વારા અમે સિલેક્શન પ્રક્રિયાને વધુ પ્રભાવશાળી બનાવી શકીશું. ગેરકાયદે ઘુસણખોરીને રોકવા, એવા બોગસ લોકોને પકડી પાડવા તેમજ સાચ્ચા અરજદારોને પસંદ કરવાની અને ઈલેક્ટ્રોનિક રજિસ્ટ્રેશનની પ્રક્રિયામાં અમને આ ફી વધારો કામ લાગશે.

એચ૧બી વીઝા અમેરિકી કંપનીઓને વિદેશી નિષ્ણાતોને કામચલાઉ નોકરીએ રાખવામાં મદદ કરે છે. આ વીઝાની અરજી કરનારા વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો અથવા કોઈ ખાસ ક્ષેત્રની વિદ્યાશાખામાં ગ્રેજ્યુએટ કે પોસ્ટગ્રેજ્યુએટ હોય છે.

ફેડરલ એજન્સી ૨૦૨૧ના વર્ષ માટેના રજિસ્ટ્રેશનને આ રીતે નવી પદ્ધતિથી અમલમાં લાવવા માગે છે.

દિગ્ગજ આઈટી કંપની ઈન્ફોસિસ ૧૨૦૦૦ કર્મચારીઓને છુટા કરશે

ગાંધીનગર, તા. ૧૦

દેશની દિગ્ગજ આઈટી કંપની ઈન્ફોસિસે ૧૨૦૦૦ કર્મચારીઓની છટણી કરવાની કરેલી જાહેરાતથી ખળભળાટ મચી ગયો છે. કંપની એવા કર્મચારીઓને છુટા કરશે જેમનો પગાર બહુ વધારે છે.

કંપનીએ જે એલ ૬ કેટેગરીમાં આવતા ૨૨૦૦ કર્મચારીઓને બહારનો રસ્તો બતાવવાનુ નક્કી કર્યુ છે.આ કેટેગરીમાં મોટાભાગે સિનિયર કર્મચારીઓ છે.જ્યારે જેએલ ૩, જેએલ ૪ અને જેએલ ૫ કેટેગરીમાં આવતા બે થી પાંચ ટકા કર્મચારીઓને છુટા કરવામાં આવશે.આ હિસાબે જોવામાં આવે તો કુલ ૧૨૦૦૦ કર્મચારીઓને કંપની નોકરીમાંથી છુટા કરવા જઈ રહી છે. ૫૦ જેટલા કર્મચારીઓ એવા છે જે આસિસટન્ટ વાઈસ પ્રેસિડેન્ટ, સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટના હોદ્દા પર છે.આ તમામને કંપની છુટા કરશે. ઈન્ફોસિસના ઈતિહાસમાં પહેલી વખત કંપની આટલી મોટી સંખ્યામાં કર્મચારીઓને છુટા કરી રહી છે.

ગિરનારની લીલી પરિક્રમાનો બે વખત વિધિવત પ્રારંભ : ૧ લાખે નળપાણીની ઘોડી વટાવી

ગાંધીનગર, તા. ૧૦

ગિરનારની લીલી પરિક્રમાનો મધ્યરાત્રીથી વિધિવત પ્રારંભ થયો છે. જો કે ગુરૂવારના રાત્રીના યાત્રાળુઓ માટે પ્રવેશ ગેઈટ ખુલ્લો મુકવામાં આવ્યો હતો અને રાત્રીના જ વહેલા આવેલ યાત્રાળુઓએ પરિક્રમા શરૂ કરી દીધી હતી. ત્યારે પરિક્રમા પ્રારંભ પહેલા શુક્રવારે રાત્રી સુધીમાં ૧ લાખથી વધુ યાત્રાળુઓએ નળપાણીની ઘોડી વટાવી દીધી હતી. જ્યારે ૧ લાખથી વધુ યાત્રાળુ પરિક્રમા રૂટ પર છે. પરિક્રમાનો પ્રારંભ થતાની સાથે જ ભવનાથ તરફના માર્ગો પર માનવમહેરામણ ઉમટી પડ્યું છે. પ્રથમ વખત ગિરનારની લીલી પરિક્રમાનો બે વખત વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો.

જૂનાગઢના મજેવડી ગેઈટ, બસસ્ટેન્ડ, રેલવે સ્ટેશન, કાળવા ચોક, ગિરનાર દરવાજા વિસ્તારમાં પણ ભારે ટ્રાફિક જોવા મળ્યો હતો. આ ઉપરાંત જૂનાગઢ તરફ આવતા વાહનોમાં યાત્રાળુઓની ભીડ જોવા મળી હતી. કેટલાક યાત્રાળુઓએ રાત્રે ૧૨ વાગ્યે વિધિવત પરિક્રમાનો પ્રારંભ કર્યો હતો. જો કે ગિરનારની પરિક્રમામાં ઉપર મહા વાવાઝોડાનો ખતરો હતો, જે ટળી ગયો છે. ખતરો ટળતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. તેમજ વરસાદ ન થતા અને યાત્રાળુઓની ભીડ વધી જતા વન વિભાગે ગુરૂવારની રાત્રે પરિક્રમા રૂટનાં દરવાજા ખોલવા પડ્યાં હતાં. ગુરૂવારેની રાત્રે એક લાખથી વધુ યાત્રાળુઓએ પરિક્રમા રૂટમાં પ્રવેશ કર્યો હતો. દક્ષિણ કોરીયાની યૌવન કિમ નામની વિદેશી મહિલાએ ગિરનારની લીલી પરિક્રમાનો પ્રારંભ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે યુ.પી.માં રહેતા મિત્રના માધ્યમથી માહિતી મળી છે અને હું પરિક્રમા કરવા આવી છું. હું મારી સાથે કેટલોક નાસ્તો વગેરે સામાન સાથે રાખ્યો હતો પરંતુ અહીં તો બધુ મળે છે તે જોઈ મને નવાઈ લાગી છે. પરિક્રમા રૂટ પર પ્લાસ્ટિક ન થાય તે માટે પ્રકૃતિ મિત્ર સંસ્થા દ્વારા અહીંથી પસાર થતા યાત્રિકોની પાસેનું પ્લાસ્ટિક તપાસી કાગળ અને કાપડની થેલી આપવામાં આવી રહી છે. આ સંસ્થાએ ૧ લાખથી વધુ થેલીનું વિતરણ કર્યું છે.

છ વર્ષ કરતાં વધુ સમયથી પાસ ન થઈ શકેલા

વિદ્યાર્થીઓ માટે જીટીયુ નવેસરથી પરીક્ષા લેશે

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ખાતે તાજેતરમાં બોર્ડ ઓફ ગવર્નન્સની બેઠક મળી હતી. આ બેઠકમાં ડિગ્રી ડિપ્લોમા ઈજનેરીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૈકી જેઓ છ વર્ષ કરતાં વધુ સમય થવા છતાં પાસ થઈ શક્યા નથી તેવા અંદાજે ૨૦ હજાર વિદ્યાર્થીઓ માટે આગામી દિવસોમાં નવેસરથી પરીક્ષા યોજવાનું નક્કી કરાયું હતું. યુનિવર્સિટીના આ નિર્ણયના કારણે અત્યાર સુધીમાં પાસ ન થઈ શકનારા વિદ્યાર્થીઓ માટે ડિગ્રી મેળવવામાં રાહત થાય તેમ છે. આ સિવાય અધ્યાપકોની ૧૫ જગ્યાની ભરતી પૈકી માત્ર ૮ જ લાયક ઉમેદવારો મળતાં તેમને જીટીયુ બેઠકમાં મંજૂરી આપી દેવામાં આવી હતી. જીટીયુ દ્વારા છેલ્લા કેટલાય સમયથી જે ભરતીને લઈને વિરોધ કરીને નામો જાહેર કરવામાં આવ્યા હતા તે પૈકી માત્ર બે જ નામોની પસંદગી કરવામાં આવી હતી.

યુનિવર્સિટીમાં ડિગ્રી અને ડિપ્લોમા ઈજનેરી સહિતના જુદા જુદા કોર્સમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને જેટલા વર્ષનો કોર્સ હોય તેટલા વર્ષ પાસ થવા માટે જીટીયુ દ્વારા આપવામાં આવે છે. પરંતુ યુનિવર્સિટીમાં અંદાજે ૨૦ હજારથી વધારે વિદ્યાર્થીઓ એવા છે કે જેઓને પોતાના મૂળ અભ્યાસક્રમ જેટલા વર્ષ મળવા છતાં પાસ થઈ શક્યા નથી. આ વિદ્યાર્થીઓ પાસે ડિગ્રી ન હોવાથી તેમણે જે અભ્યાસ કર્યો તે પણ કોઈ ઉપયોગમાં આવતો નથી. છેલ્લા કેટલાય વખતથી આ વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં રજૂઆત કરતાં હતા. જેના કારણે જીટીયુની બેઠકમાં એવો નિર્ણય કરાયો હતો કે, આ વિદ્યાર્થીઓ માટે એક વધારાની પરીક્ષા લેવામાં આવશે. યુનિવર્સિટીની પરીક્ષા સિવાય અલગથી આ વિદ્યાર્થી માટે પરીક્ષાનુ આયોજન કરાશે. આગામી દિવસોમાં આ અંગેની સત્તાવાર જાહેરાત કરાશે.

આ બેઠકમાં જે ૧૫ અધ્યાપકોની ભરતી કરવામાં આવી તેના નામો જાહેર કરાયા હતા. પ્રોફેસરની પાંચ જગ્યા સામે માત્ર ૩ જ ઉમેદવારો મળ્યા હતા. જ્યારે એસો. પ્રોફેસરની ૧૦ જગ્યાની સામે ૫ ઉમેદવારની પસંદગી થતાં કુલ આઠ ઉમેદવારની પસંદગી થઈ હતી.

રફાલ તૈયાર કરનારી ફ્રાન્સની દસોલ્ટ કંપની દ્વારા જીટીયુમાં સેન્ટર ફોર એક્સલન્સ સ્થાપવાની દરખાસ્ત કરવામાં આવી હતી. બેઠકમાં જીટીયુના મેમ્બર્સે આ દરખાસ્તને મંજૂરી આપી છે. આગામી દિવસોમાં આ કંપની દ્વારા શરૂ થનારા સેન્ટર ફોર એક્સલન્સમાં ઈન્ડસ્ટ્રિયલ મશીનરી, સ્પેસ એન્જિનિયરિંગ, શિપ અને રોડ કન્સ્ટ્રક્શન જેવા વિષયોનો અભ્યાસ કરાવવામાં આવશે. આ માટે જે ખર્ચ થશે તેનો ૯૦ ટકા ખર્ચ કંપની ભોગવશે. જ્યારે બાકીના ૧૦ ટકા ખર્ચ ભારત સરકારના સ્કીલ ઈન્ડિયા દ્વારા આપવામાં આવશે.

આમ, જીટીયુએ સેન્ટર ફોર એક્સલન્સ માટે માત્ર જમીન આપવાની રહેશે. યુનિવર્સિટીના સૂત્રો કહે છે હાલમાં આ પ્રોજેક્ટને સૈદ્ધાંતિક મંજૂરી આપી દેવામાં આવી છે. આગામી દિવસોમાં યુનિવર્સિટીમાં આ સેન્ટર શરૂ કરવામાં આવશે. હાલ કર્ણાટક અને હૈદરાબાદમાં આ પ્રકારના સેન્ટરો આ કંપની દ્વારા ચલાવવામાં આવી રહ્યા છે, ગુજરાતમાં આ પહેલુ સેન્ટર શરૂ કરવામાં આવશે.

ભારતમાં આત્મહત્યા કરવા પાછળ સૌથી મોટું કારણ લગ્ન બાદની પારિવારિક સમસ્યાઓ

ગાંધીનગર, તા. ૧૦

ભારતીયો દ્વારા આત્મહત્યા કરવાના સૌથી મોટા કારણોમાં લગ્ન પછી પારિવારિક સમસ્યાઓ અને બીમારીઓ હોવાનો ખુલાસો થયો છે. શુક્રવારે નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર આંકડાઓ મુજબ ૨૦૧૫ની સરખામણીએ ૨૦૧૬માં સમગ્ર દેશમાં આત્મહત્યાના કેસોમાં ઘટાડો થયો હતો. ૨૦૧૫માં પ્રતિ એક લાખ વસ્તી પર આત્મહત્યાનું પ્રમાણ ૧૦.૬ ટકા હતું જે ૨૦૧૬માં ઘટીને ૧૦.૩ ટકા પર આવ્યું હતું. જો કે રાષ્ટ્રીય સ્તરે ૧૦.૩ ટકાના પ્રમાણની સરખામણીએ ૨૦૧૬માં શહેરોમાં આત્મહત્યાનું પ્રમાણ ૧૩ ટકા નોંધવામાં આવ્યું હતું. આંકડાઓ જાહેર કરતા દ્રઝઈમ્એ સ્પષ્ટતા કરી હતી કે, આત્મહત્યા કરવા પાછળ સૌથી મોટા કારણોમાં લગ્ન પછી પારિવારિક સમસ્યાઓ છે જેના લીધે આત્મહત્યાનું પ્રમાણ ૨૯.૨ ટકા છે. બીમારીને કારણે આત્મહત્યા કરવાનું પ્રમાણ ૧૭.૧ ટકા છે. આ સિવાય લગ્નને કારણે ૫.૩ ટકા આત્મહત્યાનું પ્રમાણ ત્રીજા સ્થાને છે. જ્યારે ચાર ટકા લોકો કેફી પદાર્થો કે દારુના સેવનને કારણે આત્મહત્યા કરે છે.

ભારતમાં દુર્ઘટનાગ્રસ્ત મોત અને આત્મહત્યા સંબંધી વાર્ષિક રિપોર્ટમાં ૩૬ રાજ્યો તેમજ કેન્દ્ર શાસિત રાજ્યો અને દસ લાખથી વધુ વસ્તી ધરાવતા ૫૩ મહાનગરોના આંકડાઓને એકત્રિત કરીને એનસીઆરબી દ્વારા આ રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે.

એનસીઆરબી દ્વારા જાહેર કરાયેલા અહેવાલ મુજબ દુર્ઘટનામાં થતી મોતના પ્રમાણમાં કોઈ ફેરફાર આવ્યો નથી, જે ૨૦૧૬માં પ્રતિ એક લાખ વસ્તી પર ૩૨.૮ ટકા હતું. અહેવાલ મુજબ ૨૦૧૬માં ૮,૬૮૪ લોકોના કુદરતી કારણોસર મોત થયા હતા, જેમાં ૩૮.૨ ટકા મોત વીજળી પડવાને કારણે, ૧૫.૪ ટકા મોત લૂ લાગવાને કારણે અને ૮.૯ ટકા મોત પૂરને કારણે થઈ હતી. વર્ષ ૨૦૧૬માં કુલ ૪,૦૯,૫૩૭ લોકોની મૃત્યુ અન્ય દુર્ઘટનાઓમાં થઈ હતી, જેમાં સૌથી વધારે ૪૩.૩ ટકા મોત રોડ અકસ્માતમાં થયા હતા. આ પ્રમાણમાં ૧૦.૨ ટકા આકસ્મિક મોત, ૭.૩ ટકા પાણીમાં ડૂબવાને કારણે, ૫.૯ ટકા મોત ઝેરને કારણે, ૪.૧ ટકા મોત આકસ્મિક આગ લાગવાને કારણે થયા હતા.

ન્યૂ ઈન્ડિયામાં અનેક પ્રકારની જોબની તકો છે

ગાંધીનગર, તા. ૧૦

અમદાવાદ યુનિ.માં શનિવારે યોજાયેલા ૯મા વાર્ષિક પદવીદાન સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે બાયોકોન લિમિટેડ કંપનીના ચેરપર્સન અને મેનેજિંગ ડિરેક્ટર ડો.કિરણ મઝમુદાર શૉ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પદવી મેળવનાર વિદ્યાર્થીઓને પોતાના ઉદાહરણ સાથે ઉદ્યોગ સાહસિક કેવી રીતે બની શકાય તેના સૂચન કર્યા હતા. તેમણે કહ્યું કે હાલની જરૂરિયાત એ છે કે જોબ ગીવર નહીં પરંતુ જોબ ક્રિએટર બનો. તેમણે કહ્યું કે હવે ઉદ્યોગ સાહસિક બનવા માટે રૂપિયા નહીં માત્ર આઈડિયાની જ જરૂર છે. આ માટે તેમણે ઘણા ઉદાહરણો વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કર્યા હતા.

અમદાવાદ યુનિ.માં જુદી જુદી ફેકલ્ટીમાં સારો દેખાવ કરનારા વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવા ઉપરાંત કુલ ૧૧૦૫ વિદ્યાર્થીને ડિગ્રી એનાયત કરાઈ હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓને કોન્વોકેશન સ્પીચ આપતાં ગુજરાત મૂળના એવા ડો.કિરણ મઝમુદાર શૉએ કહ્યું કે ભારત એવો દેશ છે કે જેમાં કોઈપણ પ્રકારના ફોર્મલ એજ્યુકેશન વગર પણ અનેક લોકો ઉદ્યાગ સાહસિક બની શક્યા છે. આ માટે તેમણે ધીરૂભાઈ અંબાણીનું ઉદાહરણ આપ્યું હતું. આ ઉપરાંત તેમણે કલીમા સરોજનું ઉદાહરણ આપતાં કહ્યું હતું કે, ૧૨ વર્ષની વયમાં તેમના મેરેજ થઈ હતા. ૧૪ વર્ષની ઉંમરે અભ્યાસ પણ છોડ્યા બાદ મુંબઈમાં આવીને ટેલર તરીકે કામ કરીને સરકારી લોન લઈને ધંધો આગળ વધાર્યો હતો. હાલ ૧૦૦ મિલિયન ડોલરનો ધંધો ચલાવી રહ્યા છે. વિદ્યાર્થીઓને ઉદ્દેશીને તેમણે કહ્યું કે તમારી પાસે તો કોલેજ, યુનિ., ટીચર્સ સહિતની તમામ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ છે. તમારી યુનિ. પણ અમદાવાદમાં જ છે જે સ્કીલ સેન્ટર ગણવામાં આવે છે. આમ, પણ ગુજરાતીઓના લોહીમાં બિઝનેસ છે ત્યારે તમારા માટે ઉદ્યોગ સાહસિક બનવું તે ઓછી મહેનત માગી લે તેવું કામ છે. તેમણે કહ્યું કે ઉદ્યોગ સાહસિક માટે કેપિટલ એટલે કે નાણાંની જરૂર નથી, માત્ર આઈડિયા જ જરૂરી છે. આ માટે તેમણે કેટલાક ઉદાહરણો પણ આપ્યા હતા જેમ કે, દુનિયાની સૌથી મોટી ઓનલાઈન કંપની એમેઝોન પાસે પોતાની કોઈ દુકાન નથી. આ જ રીતે ટ્રાવેલિંગના બિઝનેસ માટે પોતાની કારો કે સાધનો હોવા જરૂરી નથી તે આપણને તે ઓલા અને ઉબેર કંપનીએ સાબિત કરી બતાવ્યું છે. આ જ રીતે પોતાના કોઈ વીડિયો કે થિએટર ન હોવા છતાં નેટફ્લિક્સ આજે ધંધો કરી શકે છે. તેમણે વિદ્યાર્થીઓને કહ્યું કે તમારી પાસે ફૂડ, એગ્રો બેઝ પ્રોડ્ક્ટના આઈડિયા હોય તો તેમાં અનેક તકો છે. હવે ખેતી માટે અનેક એકર જમીન હોવી જરૂરી નથી. માત્ર આઈડિયા હોય તો પણ તમે ખેતી કરી શકો છે. તેમણે ન્યૂ ઈન્ડિયા અંગે વાત કરતા કહ્યું કે, ન્યૂ ઈન્ડિયામાં અનેક પ્રકારની જોબની તકો છે. ન્યૂ ઈન્ડિયામાં કોઈ ગરીબ ન હોય તે જરૂરી છે. ન્યૂ ઈન્ડિયા સાયન્ટિફિક બેઝ પર તૈયાર થઈ રહ્યું છે. જેમાં જોબ ગીવર નહીં પણ જોબ ક્રિએટર તૈયાર થાય તે જરૂરી છે. તેમણે ચાલુ વર્ષે ૨૦૧૯માં બહાર પડેલા વિદ્યાર્થીઓને કહ્યું કે ૧૧૦૫ વિદ્યાર્થીને કહ્યું કે તમે જોબ ક્રિએટ કરો અને તમામ આ કામ કરો તો લાખો લોકોને આપણે જોબ આપી શકીએ તેમ છીએ. આ સમારંભમાં યુનિ.ના વાઈસ ચાન્સેલર પંકજ ચંદ્રાએ યુનિ. વિશે જાણકારી આપી હતી. જ્યારે ચાન્સેલર સંજય લાલભાઈ ઉપસ્થિત રહી શક્યા નહોતા.

કોન્વોકેશનમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા ડો.કિરણ મજમુદાર શૉએ ૧૯૭૧માં બાયોકોન કંપની શરૂ કરી ત્યારે તેમની પાસે માત્ર ₹ ૧૦ હજાર હતા. તેઓ પોતે અને અન્ય બે મળી કુલ ત્રણ વ્યક્તિ આ કંપનીમાં હતી. હાલની સ્થિતિ એવી છે કે, ૫૦ હજાર લોકો આ કંપનીમાં કામ કરે છે અને વાર્ષિક એક મિલિયન ડોલરનું ટર્નઓવર છે. ડો. કિરણ મજમુદાર મૂળ ગુજરાતી છે પણ કોલકાતામાં સ્થાયી થયેલા છે. તેમને વર્ષ ૧૯૮૯માં પદ્મશ્રી અને ૨૦૦૫માં પદ્મભૂષણનો એવોર્ડ ભારત સરકારે આપ્યો છે. આ સિવાય તેઓએ 'ટોપ ૨૫ મોસ્ટ પાવરફુલ વુમન ઈન એશિયા પેસેફિક' અન ફોર્બ્સ લિસ્ટમાં 'વર્લ્ડ ૧૦૦ મોસ્ટ પાવરફુલ વુમન'માં પણ સ્થાન મેળવ્યું છે.